પ્રેસ પ્રકાશન

ભારતીય રિઝર્વ બેંક

સંચાર વિભાગ, કેન્દ્રિય કાર્યાલય, એસ.બી.એસ માર્ગ, મુંબઈ-400001

વેબસાઇટ : www.rbi.org.in

ફોન : 91 22 2266 0502 / ફેક્સ : 91 22 2266 0358

ઈ-મેઇલ : helpdoc@rbi.org.in

તારીખ: 08 નવેમ્બર 2017

**ભારતીય રિઝર્વ બેંકે ધી સિંધ કો-ઓપરેટીવ અર્બન બેંક લી., હૈદ્રાબાદ, તેલંગણ પર દંડ લગાવ્યો**

ભારતીય રિઝર્વ બેંકે, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949 (એ એ સી એસ) ની કલમ 46 (4) સાથે વંચાણમાં લેતાં, કલમ 47 A (1) (b), ની જોગવાઈઓ અંતર્ગત તેને મળેલી સત્તા નો ઉપયોગ કરી ધી સિંધ કો-ઓપરેટીવ અર્બન બેંક લી., હૈદ્રાબાદ, તેલંગણ પર, એક્સપોઝર નોર્મ્સ તથા વૈધાનિક/અન્ય નિયંત્રણો પરના ભારતીય રિઝર્વ બેંક ના નિર્દેશો અને માર્ગદર્શિકાઓ નું ઉલ્લંઘન કરવા બદલ રૂ. 0.50 લાખ (રૂપિયા પચાસ હજાર) નો નાણાંકીય દંડ લગાવેલ છે.

ભારતીય રિઝર્વ બેંકે બેન્કને કારણદર્શી નોટીસ આપેલી હતી, જેના જવાબ માં બેંકે લેખિત પ્રત્યુત્તર રજૂ કર્યો હતો. કેસ ના તથ્યો, બેંક ના આ બાબત પરના પ્રત્યુત્તર અને વ્યક્તિગત મૌખિક રજૂઆત પર વિચારણા કરી, ભારતીય રિઝર્વ બેંક એવા તારણ પર આવી કે ઉલ્લંઘનો પ્રમાણભૂત હતા અને દંડ લગાવવો જરૂરી હતો.

અનિરુધ્ધ ડી. જાદવ

સહાયક પ્રબંધક

**પ્રેસ પ્રકાશન: 2017-2018/1276**